અપીલ અરજી નં.૧૪૧/૦૮-૦૯ તા. ૨૨-૮-૦૮

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી (ટ્રાફીક સેલ)

**હુકમઃ-**

***વિષય :***-આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણ ની તા.૧૯-૬-૦૮ ની અરજીથી સીટી બસ સેવાનો ઈજારો કોને આપવામાં આવ્યો તેના નામ સરનામાં અને શરતો ,શરતભંગ અંગે લીધેલા પગલાં ,સીટી બસ સેવા કેટલા વિસ્તારમાં ફરે છે અને કેટલા વિસ્તારમાં ફરવાની શરત છે , કેટલા પેસેન્જર બેસાડવાની પરમીટ છે અને કેટલા પેસેન્જર બેસાડે છે,રૂટના ટાઈમ ટેબલોના બોર્ડ લગાવેલ છે,સીટી બસો કેટલી શહેરમાં ફરવાની પરવાનગી આપેલ છે અને કેટલી બસો ફરે છે વિગેરેની મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***- અરજદાર મજકુરની તા.૨૨-૮-'૦૮ ની અપીલ અરજી નં.૧૪૧/૨૦૦૮-૦૯

શ્રી ગુલામભાઈ મેમણ ની તા.૧૯-૬-૦૮ ની અરજીથી સીટી બસ સેવાનો ઈજારો કોને આપવામાં આવ્યો તેના નામ સરનામાં અને શરતો ,શરતભંગ અંગે લીધેલા પગલાં ,સીટી બસ સેવા કેટલા વિસ્તારમાં ફરે છે અને કેટલા વિસ્તારમાં ફરવાની શરત છે , કેટલા પેસેન્જર બેસાડવાની પરમીટ છે અને કેટલા પેસેન્જર બેસાડે છે,રૂટના ટાઈમ ટેબલોના બોર્ડ લગાવેલ છે,સીટી બસો કેટલી શહેરમાં ફરવાની પરવાનગી આપેલ છે અને કેટલી બસો ફરે છે વિગેરેની મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર ટ્રાફીક સેલ અને મ. જાહેર માહિતી અધિકારી ના પત્ર નં.ટ્રાફીક સેલ/આ.૯૦૨ તા.૨૮-૭-૦૮ થી આપેલ માહિતીમાં ખોટા અને ગોળ ગોળ જવાબો આપેલ છે. તેવું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૨-૮-૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૯૬ તા.૫-૯-૦૮થી ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી ટ્રાફીક સેલને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી ટ્રાફીક સેલ/૧૩૩૮ તા.૨૦-૯-૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારને મુળ અરજીમાં માંગ્યા મુજબની માહિતી કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે અપીલ અરજીમાં મુદ્દ નં.૩ વેન્ટીલેશન તેમજ સામાન મુકવા માટેની વ્યવસ્થા આ શરતોનો ભંગ થયો છે તેમજ મુદ્દા નં.૫ સીટી બસોના રુટના ટાઈમ ટેબલ બોર્ડ લગાડવાની કાર્યવાહી ચાલુ છે અને મુદ્દા નં.૨ સીટી બસ સેવાના ઈજારો કઈ કઈ શરતોએ આપવામાં આવ્યા છે જેમાં મુખ્ય શરતો લખી ટુંકી શરતોની નકલો આપી છે તેવી રજુઆત કરેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૯-૬-૦૮ અરજીથી માંગ્યા મુજબની માહિતી અરજદારને મ. જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે. અરજદાર મુદ્દા નં.૨ અંગે ઈજારા સબંધિત ટેન્ડરમાં સમાવિષ્ટ શરતોની નકલ મેળવવા ઈચ્છુક હોય તો આરટઆઈ એકટ હેઠળની નિયત ફી ભરી પૂરી પાડવા મ. જાહેર માહિતી અધિકારીએ તૈયારી બતાવેલ છે. અરજદાર કચેરી સમય દરમ્યાન તેમનો સંપર્ક કરી ટેન્ડરમાં સમાવિષ્ટ શરતોની નકલ આરટીઆઈ એકટ હેઠળની નિયત ફી ભરીને મેળવી શકે છે. અરજદારે અપીલ અરજીમાં જણાવેલ અલાયદા પ્રશ્નો અં ગે સક્ષમ સત્તાને પોતાની રજુઆત કરવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : -૯ -૦૮.

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

***પ્રતિ***

(૧)ડે.કમિશ્નર (સ્પે)અને જાહેર માહિતી અધિકારી, ટ્રાફીક સેલ ..... જાણ તથા અમલ માટે
(૨)શ્રી ગુલામ મેમણ